

# મને પાર ઊતારજો

જે સેવા એ જવાબદારી છે. ફરજ છે. સમર્પણ છે. એમાં વફાદારી અનિવાર્ય છે. સેવામાં નિષ્કામ ભાવ જરૂરી છે. એમાં કોઈ જ અપેક્ષા ન હોય. ભૌતિક, માનસિક, આધ્યાત્મિક અપેક્ષા પણ રાખવી ન જોઈએ. અર્થાત્ આપણે ક્યાંય પણ કોઈ પણ જૂથ કે સંસ્થામાં સેવા કરતાં હોઈએ પણ ત્યાં આપણને કોઈ ફાયદો થાય. કશુંક મળે, આપણી પ્રશંસા થાય. નોંધ લેવાય એવી પણ અપેક્ષા રાખવી વ્યર્થ છે. ઉપરાંત સેવાકાર્યમાં પ્રામાણિકતા, પવિત્રતા, નૈતિકતા પણ અનિવાર્ય છે. સેવાનાં આ મૂલ્યો છે. એ સાંસારિકતાથી આધ્યાત્મિકતા સુધી  વિસ્તરે છે.

સેવાની વાત કરતાં આપણે રામાયણના કેવટનો પ્રસંગ યાદ કરીએ. જ્યારે કેવટ રામ, સીતા અને લક્ષ્મણને ગંગા નદીને પાર લઈ ગયો. નાવમાંથી ઊતરીને રામને એને ‘ઉતરાઈ’ એટલે કે એનું મહેનતાણું, એની ફી આપવાનો વિચાર આવ્યો. તેઓ તો વનવાસી હતા એટલે પાસે કશું જ નહોતું. રામનો આ વિચાર પામી જઈને સીતાએ આંગળીમાં પહેરેલી વીંટી રામને કેવટને આપવા આપી દીધી! કેવટે લેવાની ના પાડી. રામે ઘણો આગ્રહ કર્યો ત્યારે કેવટે કહ્યું: ‘‘ભગવાન, સમાન વ્યવસાયવાળા એકમેક પાસેથી કિંમત વસૂલતા નથી.’’ રામ કહે: ‘‘કેવટ, હું કંઈ સમજ્યો નહીં.’’ કેવટ કહે, ‘‘ભગવાન, હું જ્યારે તમારે ઘાટ આવું ત્યારે તમે મને પાર ઊતારજો.’’ કહી કેવટ રામના ચરણમાં નમી પડ્યો. એની આંખમાંથી કેવળ ભક્તિનો ભાવ અશ્રુઓ રૂપે વહી રહ્યો હતો. વનવાસ પૂરો કરી તેઓ અયોધ્યા પાછા ફરે ત્યારે ફરી દર્શન આપવાની અભિલાષા અને અભ્યર્થના સાથે કેવટે રામને વિદાય આપી. તેના સમસ્ત અસ્તિત્વમાં પ્રતીક્ષાનો પારાવાર પ્રગટ થયો. એને બસ, પછીથી આ સંસાર પણ ફિક્કો લાગવા માંડ્યો. તેણે નાવને પણ એક જગાએ લાંગરી દીધી અને રામરટણ સાથે પ્રતીક્ષામાં ગંગાને ઘાટ બેસી રહ્યો...

કેવટ ભક્તિનું, સેવાનું ઉદાહરણ છે. એ ભક્તિ, એ સેવા પણ સંપૂર્ણ નિષ્કામ અને સમર્પણભાવથી સભર છે. કેવટે ધાર્યું હોત તો રામ પાસે ઘણું માંગી શક્યો હોત. પણ કેવટના હૃદયમાં સમસ્ત અસ્તિત્વમાં તો કેવળ ભક્તિની, સેવાની ભાગીરથી જ ઉછાળા મારતી હતી. હજારો વર્ષો પછી, આજના કાર્યકાળમાં પણ કેવટની ભક્તિ, સેવા શ્રદ્ધાળુઓના હૃદયમાં ભાવની, ભક્તિની ભાગીરથી વહેતી રાખે છે. રાખી છે.

આ અને આવા પ્રસંગને સ્મૃતિમાં રાખીને આપણા હૈયાની ભાગીરથીને રામનામના  રટણમાં વહેતી રાખીએ તે જરૂરી છે. ઈશ્વર અંતર્યામી છે. દયાનિધાન છે. એ તો ભક્તનો- શરણાગતનો ભાવ જ જુએ છે. આપણે કદાચ માંગીએ તો આપણી માગણી સીમિત હોય. સાંસારિક હોય. જ્યારે પરબ્રહ્મ સ્વયં માંગવાનું કહે તો એને જ સ્વયં કેમ ન માગીએ?! અથવા એને કહીએ.. ‘‘પ્રભુ આપની ઈચ્છા મુજબ થાવ.’’ અનંત શક્તિઓના ભંડાર એવા રામ જ્યારે પોતાની ઈચ્છા પ્રમાણે આપશે ત્યારે એ આપણી કલ્પના બહારનું હશે.

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

સીતાએ પોતાની વીંટી કેવટને આપવા આપી દીધી. જેણે સમગ્ર રાજપાટ છોડી દીધા તેને આટલી એક વીંટીનો શો ખપ? શો મોહ? એ મોહરહિત હતી એટલે જ તો રામની સાથે વનની વાટે ચાલી નીકળી. સીતાએ અહીં પત્નીધર્મ બજાવ્યો. જ્યારે પતિને કોઈ જરૂર હોય, એને કોઈ મૂંઝવણ હોય ત્યારે પત્ની પતિને પડખે ઊભી રહે, એક યા અન્ય રીતે પતિની મૂંઝવણ દૂર કરે તે પત્ની ધર્મ છે. આપણા સંસારમાં, આપણા કુટુંબમાં ઘણી વાર ઘણી કટોકટી સર્જાતી હોય છે ત્યારે પત્નીનો સ્ત્રીનો ધર્મ છે એ કટોકટીને દૂર કરવાનો. વિષમતામાં-વિકટતામાં સહભાગી બનવાનો. સંસાર પણ ઈશ્વરનું જ સર્જન છે. એનાં કાર્યો ઈશ્વરની જ સેવા છે. ઘણી વાર કુટુંબમાં સ્ત્રીઓ વચ્ચે ઘરકામની બાબતમાં કલેશ થાય છે એવી પળોમાં આપણે ફરજ ભાવે, સેવા ભાવે ઘરકામ કરી લેવું. ઘરકામમાં પણ ગણતરી ન રાખવી. મૌન રહીને બધું ઘરકામ સમેટી લેવું એ સ્ત્રીની ઉદારતા છે. આભિજાત્ય છે. મૌન કલેશને કારણ  નહીં આપશે. સમય જતાં સૌ સૌને સૌની ભૂલ સમજાશે.

એ જ રીતે ભાઈ-ભાઈ વચ્ચે સંપત્તિની વહેંચણીમાં પણ મન મોટું રાખીશું તો ઈશ્વર આપણને ઘણું આપશે. જતું કરવાની ભાવના પ્રાપ્તિના માર્ગ મોકળા બનાવશે.

જીવનમાં કેવટ જેવી ભક્તિ અને સેવાનો ભાવ અપનાવીને રામનામના સ્મરણમાં રત રહીશું તો એની કૃપા, શક્તિ, પ્રેરણા આપણા જીવનને અજવાળશે. ઉજ્જવળ બનાવશે.

> “કેવટ ભક્તિનું, સેવાનું ઉદાહરણ છે. એ ભક્તિ, એ સેવા પણ સંપૂર્ણ નિષ્કામ અને સમર્પણ ભાવથી સભર છે. કેવટે ધાર્યું હોત તો રામ પાસે ઘણું માંગી શક્યો હોત. પણ કેવટના હૃદયમાં, સમસ્ત અસ્તિત્વમાં તો કેવળ ભક્તિની, સેવાની ભાગીરથી જ ઉછાળા મારતી હતી”

## એક સાદી સમજ

# ભય ભગાવે, ભવપાર કરાવે તે શ્રીમદ્ ભાગવત

ભય ભગાવે, ભવપાર કરાવે તે ભાગવત. ડરને પણ ડરાવે તે ભાગવત. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ત્યાગ એ ભાગવત. શ્રીમદ્ ભાગવત વેદ, ઉપનિષદ સહિત સમસ્ત શાસ્ત્રોના સાર રૂપ છે. શ્રીકૃષ્ણની ગાથાનું અમૃત રૂપ છે. જે બ્રહ્મસૂત્રનો અર્થ છે. મહાભારતનું તાત્પર્ય છે. વેદાર્થની વ્યાખ્યા કરનાર પ્રકાશ જ ભાગવત મહાપુરાણ છે. મૃત્યુ એ શાશ્વત છે એવા મૃત્યુનું પુનરાવર્તન ન કરવાની ક્ષમતા માત્ર ભાગવતમાં જ છે, એટલે કે ફરી જન્મ લેવાની જરૂર પડતી નથી એટલો વિશાળ, દિવ્ય, મહાન મહિમા શ્રીમદ ભાગવતનો છે. પણ ભાગવતનું શ્રવણ પઠન ક્યારે સાર્થક થાય? તેનું માત્ર કાનથી શ્રવણ કરવાથી નહીં પરંતુ મનથી શ્રવણ કરીએ, મનન કરીએ તે સાથે ઈચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ જોઈએ જે એક ચિત્તે મન દઈને સાંભળવાથી આવે. જે રીતે દેહ શુદ્ધિ માટે નિત્ય સ્નાન જરૂરી છે તે રીતે મનની શુદ્ધિ માટે ભગવાનનું સ્મરણ, ભગવાનની કથાના શ્રવણનું સ્મરણ અનિવાર્ય છે, તે સ્મરણ ત્યારે જ થાય જ્યારે ભાગવત કથા શ્રદ્ધાથી, ભક્તિથી સાંભળવામાં આવે નહીં તો એક કાનેથી સાંભળી બીજા કાનેથી નીકળી જાય તો ગમે તેટલી કથા સાંભળો ભગવત ધર્મની પ્રાપ્તિ ન થાય. શ્રીમદ ભાગવત

કેમ કે તેમાં વેદ-ઉપનિષદના મંત્રો, ભારતીય સંસ્કૃતિનુ દર્શન, માનસશાસ્ત્ર, ભૂગોળ અંતર્ગત લગભગ 28 પર્વતોનું વર્ણન, 45 જેટલી નદીઓની વાત છે. ભાગવતમાં ભારત વર્ષને કર્મોનું ક્ષેત્ર ગણાવ્યું છે. સ્કંધ 5 19/19 મુજબ આ દેશના મનુષ્યોએ કેવા પુણ્યો કર્યા હશે કે જેથી ઈશ્વરે પસંદગી કરીને આ દેશમાં જન્મ લેવાની પાત્રતા આપી. ઋષભ ચરિત્રમાં ઈતિહાસનું વર્ણન છે. કૃષ્ણ ભક્તિના પરમલક્ષને સિદ્ધ કરતા કરતા અનેક વંશોની



**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

કે ચતુ:શ્લોકી ભાગવત નિત્ય નિયમથી બોલતા રહેવાથી કૃષ્ણદર્શન સુદ્ધાં થાય. તેની કૃપાની અનુભૂતિ અવશ્ય થાય, આનંદ થાય, મન સાફ થતા તેમાં રહેલી બુરાઈઓ દૂર થાય, કષ્ટ કપાય. આમ શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરવાથી પૂર્ણત્વ આવે, શાંતિ આવે, તેથી જ ભાગવત ધર્મ શ્રેષ્ઠ છે એવું વક્તવ્ય અવધૂત દત્તપીઠમના પીઠાધિપતિ શ્રી ગણપતિ સચ્ચિદાનંદ સ્વામીજીના ઉત્તરાધિકારી પટ્ટ શિષ્ય શ્રી દત્ત વિજયાનંદ તીર્થ (દંડી સ્વામીજી)એ શ્રીમદ ભાગવતની ભક્તિ જ્ઞાનધારાના પ્રારંભમાં ભાગવત શ્રવણનો મહિમા અને તેને સાર્થક કરવાનું મહત્વ સમજાવ્યું હતું. આજે જ્યારે માનવી આધિ, વ્યાધિ, ઉપાધિથી ગ્રસ્ત છે. ત્યારે શ્રીમદ ભાગવતનું યથાર્થ શ્રવણ મનને શાંતિ આપી અજંપો દૂર કરે છે. ચિંતાથી મુક્ત થવાની દિશા દર્શાવે છે. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની પ્રાપ્તિ કરાવે છે. કુળ, સંતાન અને પરિવારનું કલ્યાણ કરાવે છે. રોગ, દોષ અને કષ્ટોથી મુક્તિ કરાવે છે. અંતે મોક્ષ અને પરમધામની પ્રાપ્તિ સુલભ બનાવે છે. ભક્તિ હોય, શ્રદ્ધા હોય તો ભાગવત જ્ઞાન થાય. તે માટે વિદ્વાન હોવું જરૂરી નથી માત્ર ભક્તિથી જ ભાગવતનો પરમાર્થ જાણી શકાય. શ્રી શુકદેવજી મહાયોગી અવધૂત અને સચ્ચિદાનંદ હતા. રાજા પરીક્ષિત શુક્દેવજીનો વાર્તાલાપ જ ભાગવત છે. ભાગવતે વિવિધ અને વિભિન્ન ગુરુ પરંપરાઓ દ્વારા આ જગતમાં પ્રવેશ કર્યો. બ્રહ્માજીએ નારદજીને, નારદજીએ વ્યાસ ભગવાનને, વ્યાસ ભગવાને તેમના સુપુત્ર શ્રી શુક્દેવજીને જ્ઞાન કરાવ્યું હતું. શ્રી શુક્દેવજીએ જ્યારે પરીક્ષિત મહારાજને ઉપદેશ આપ્યો. ત્યારે આપણને પણ તેની જાણકારી મળી. એક રીતે નારદજી ભાગવતના ગુરુ છે અને આ રીતે જ્ઞાનગંગાનું અવતરણ થયું.

આપણે ભાગવતને શ્રીમદ્ ભાગવતના નામે ઓળખીએ છીએ. પરંતુ અન્ય નામો ભાગવતી સંહિતા, પરમહંસી સંહિતા, સાત્વતી શ્રુતિ, સાત્વતી સંહિતા, વૈયાસિકી સંહિતા વગેરે છે. આ તો સ્વામીજીએ શ્રીમદ ભાગવત શ્રવણ મહિમાની આપેલી સમજની વાત છે.

શ્રીમદ ભાગવતની કથાને જ્ઞાનયજ્ઞ કહેવામાં આવે છે

વિસ્તારપૂર્વકની કથા વણી લીધી છે. તમામ અવતારોની કથાઓ સાથે સૂર્યવંશ અને યદુવંશ (ચંદ્રવંશ) ની કથા ભાગવતમાં વણી લેવામાં આવી છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર તો પ્રધાનપણે છવાયેલા છે. ઈન્દ્રિયો દ્વારા જ્ઞાનના પ્રત્યેક્ષ અનુભવને વિદ્વાનો વિજ્ઞાન કહે છે. સમુદ્રમંથનમા ભૌતિક વિજ્ઞાન, જ્ઞાન પ્રાપ્તિની વાત છે. દશાવતારમાં ઉત્ક્રાંતિના આધુનિક વિજ્ઞાનની ઝાંખી છે. પરીક્ષિતને, ધંધુકારીને સપ્તાહમાં મોક્ષ આપવાનું બ્રહ્મવિજ્ઞાન છે. કાવ્ય, છંદ, અલંકારનું ભાષા વિજ્ઞાન છે. એકાદશ સ્કંધના ભિક્ષુ ગીતમાં મનોવિજ્ઞાન છે. તો ગર્ભસ્થ શિશુને કોઠા વિદ્યા શીખવવાનું મંત્રમય મનોવિજ્ઞાન છે. ભારતીય વિજ્ઞાનનું સર્વોત્તમ શિખર બ્રહ્મવિદ્યા છે એ વિદ્યા આત્માની એકતા બતાવે છે અને તેથી અદ્વૈત એટલે સર્વમાં એક જ આત્મતત્વ છે. બીજું કોઈ તત્વ જુદું નથી તેવી અદ્વૈત ભાવના સમજાવે છે. શ્રીમદ્ ભાગવતમાં આ જ્ઞાન સારી રીતે વણી લેવામાં આવ્યું છે. શ્રીમદ્ ભાગવતમાં વાસુદેવ એટલે નિર્ગુણ પરમાત્મા, સંકર્ષણ એટલે જીવાત્મા, પદ્યુમ્ન એટલે મન અને અનિરુદ્ધ એટલે અહંકાર. આ ચારેય વાતને વણી લેવામાં આવી છે. શ્રીમદ ભાગવતમાં વેણુગીત, ગોપી ગીત, યુગલ ગીત, ગજેન્દ્ર મોક્ષ, ગોપી વિરહ ગીત, નારાયણ કવચ, ભીષ્મપિતામહની સ્તુતિ, કુંતીજીની સ્તુતિ શ્રીમદ્ ભાગવત પ્રત્યે શ્રદ્ધા ભક્તિ વધારી આનંદ આપનારા છે. શ્રીમદ ભાગવત એ પરમ આનંદ આપનાર માત્ર ગ્રંથ નથી તેમાં જ્ઞાન વિજ્ઞાન અને ભક્તિની અનેક વાતો છે જે ફરી ક્યારેક ‘ઈદં ન મમ’.

> “આપણે ભાગવતને શ્રીમદ્ ભાગવતના નામે ઓળખીએ છીએ. પરંતુ અન્ય નામો ભાગવતી સંહિતા, પરમહંસી સંહિતા, સાત્વતી શ્રુતિ, સાત્વતી સંહિતા, વૈયાસિકી સંહિતા વગેરે છે”